અપીલ અરજી નં.૩૧૬ તા.૨૧–૯–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મનીષ એન ગીલીટવાલા
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મનીષ એન ગીલીટવાલાની તા. ૦૫–૮–૧૧ના રોજ માંગેલ માહિતીનો પત્ર નં. ૨૩૪ તા. ૧૬–૮–૧૧થી તબદીલ થયેલ માહિતીની અરજી બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૯–૧૧ ની **SMC/FAP/** નં.૩૧૬/૨૦૧૧–૧૨

શ્રી મનીષ એન ગીલીટવાલાની તા. ૦૫–૮–૧૧ના રોજ માંગેલ માહિતીનો પત્ર નં. ૨૩૪ તા. ૧૬–૮–૧૧થી તબદીલ થયેલ માહિતીની અરજી બાબતે તા. ૨૫–૮–૧૧ રોજના પત્ર નં. ૬૨૪થી માહિતી આપવામાં આવેલ તેનાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૧– ૯–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી હકીકત સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/ ૯૧૨ તા.૧૧–૧૦–૧૧ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)**તથા અરજદારને** મુળ અરજીથી માંગેલ માહિતી, ફી ભર્યાની વિગત સહ જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતી અને તે સામે મુદ્દાવાર નારાજગી સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/ આરટીઆઈ/આ.નં.૮૩૬ તા.૧૫–૧૦–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીપીડી/આ.નં.૨૩૪ તા.૧૬–૮–૧૧ થી કાર્યપાલક ઈજનેર અઠવાઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી અને પ્રવર નગર નિયોજક સુડા ભવન કલેકટર કચેરીના પત્ર નં.સુડા/યુ–૩/આઈ ડી નં. ૧૨૧૯/૨૫૧૮ તા. ૮/૧૧ થી ટાઉન પ્લાનીંગ વિભાગને અરજી તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/ આરટીઆઈ/આ.નં.૬૨૩ તા.૨૫–૮–૧૧ થી મુદ્દા નં.૧ માટે નગર રચના યોજના અધિકારીશ્રી એકમ–૫ ,સુડા ભવન, નાનપુરાને તબદીલ કરેલ પત્રની નકલ, અઠવાઝોન તરફથી અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૬૨૪ તા.૨૫–૮–૧૧ ના પત્રની નકલ , પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/ આરટીઆઈ/આ.નં.૭૪૭ તા.૨૬–૯–૧૧ થી અરજદારને તા.૨૮–૯–૧૧ ના રોજ આપેલ ઈન્સ્પેકશન અંગેના પત્રની નકલ, એકનોલેજમેન્ટ સ્લીપની નકલ, દફતરી નિરીક્ષણ ના રોજકામ અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૦૫–૮–૧૧ ની અરજીથી માહિતી માંગતી અરજી સુડા ભવન નાનપુરા ખાતે કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી અને પ્રવર નગર નિયોજક સુડા ભવન કલેકટર કચેરીના પત્ર નં.સુડા/યુ–૩/આઈ ડી નં.૧૨૧૯ /૨૫૧૮ તા. ૮/૧૧થી ટાઉન પ્લાનીંગ વિભાગને અરજી તબદીલ કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીપીડી/આ.નં.૨૩૪ તા.૧૬–૮–૧૧ થી કાર્યપાલક ઈજનેર અઠવાઝોનને તબદીલ કરવામાં આવેલ. જે અંગે અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૬૨૩ તા.૨૫–૮–૧૧ થી મુદ્દા નં.૧ માટે નગર રચના યોજના અધિકારીશ્રી એકમ–૫ ,સુડા ભવન, નાનપુરાને તબદીલ કરવામાં આવેલ. જયારે મુદ્દા નં.૨ અને ૩ અંગે તેમના પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૬૨૪ તા.૨૫–૮–૧૧ થી પ્રત્યુત્તર પાઠવી તેમના પત્ર નં.અઠવા/આરટીઆઈ/આ.નં.૭૪૭ તા.૨૬–૯–૧૧ થી તા.૨૮–૯–૧૧ ના રોજ તપાસણીનો પ્રસ્તાવ કરેલ તથા રોજકામની વિગતે તેમના પ્રતિનિધિને તપાસણી પૂરી પાડેલ. જેમાં મુદ્દા ન.(૧) સર્વે નં.૧૦૪/૨ માં ગાર્ડન રીઝર્વેશન હતુ તો તે રીઝર્વેશન કયા ઠરાવથી કઈ તારીખે દુર કરવામાં આવ્યું હતું? જો રીઝર્વેશન દુર ન થયું હોય તો તેની પર થયેલ ગેરકાયદેસર બાંધકામ બાબતેની આપની કચેરી ધ્વારા શું પગલા આજ દિન સુધી લેવામાં આવ્યા? જેની વિગતો આપવી. મુદ્દા ન.(૨) ઉપરોકત જમીનમાં " આર્શીવાદ વિલા" નામક સોસા.નું આયોજન કરી ૪૩૫ પ્લોટનું સીઓપી સહિતના પ્લોટમાં બાંધકામ કરી વેચાણ કરવામાં આવેલ છે. કાયદાના

નિયમોનુસાર નવી શરતની જમીનમાં પ્રિમીયમ ભર્યા વગર કે જરૂરી પરવાનગી મેળવ્યા વગર બાંધકામ ન થઈ શકે તો આ સોસા.માં ૪૩૫ પ્લોટમાં બાંધકામ થઈને તેના વેચાણ દસ્તાવેજ પણ બની ચુકયા છે. તો આપની કચેરી ધ્વારા આજ દિન સુધી શું પગલા કે કાર્યવાહી કરી તેની વિગતવાર માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી સુડા/વિપઅ/યુ–૪/૪૬૯૯/૧૫૪, તા.૧–૮–૨૦૦૨ થી વિકાસ પરવાનગીની અરજી મંજુર કરવામાં આવેલ છે. સદરહુ સોસા.માં અન્ય કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોવાનું રેકર્ડ પર જણાતું નથી. તેવું જણાવેલ. મુદ્દા નં.(૩) મોજે ભરથાણા વેસુના સર્વે નં.૧૦૮/૩ , ૧૦૫, ૮૩/૩+ ૪ , ૧૦૪/૩, ૧૦૪/૨ અને ૧૦૪/૧ માં થયેલ ગેરકાયદેસર બાંધકામો નવી શરતની જમીનમાં તથા ગાર્ડન રીઝર્વેશનમાં કરવામાં આવેલ હોય જે તે સમયે સુડા તરફથી બાંધકામ પરવાનગી આપવા માટે બાંધકામકર્તા પાસે પ્રિમિયમ ભરવા માટે બાંહેધરી લેવામાં આવેલ હોય તો તે બાંહેધરીની નકલ આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી અઠવાઝોનના રેકર્ડ પર આવી માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ. વધુમાં અરજદારે તા.૨૧–૯–૧૧ ના પત્રથી તા.૨૫–૮–૧૧ ના રોજના પત્ર નં.૬૨૪ થી માહિતી આપેલ તેનાથી નારાજ થઈ અપીલ અરજી કરેલ અને રૂબરૂ સાંભળવાની તક આપ્યા બાદ યોગ્ય હુકમ કરવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી તેમને તા.૨૮–૯–૧૧ ના રોજ બપોરેના ૧૨.૦૦ કલાક થી ૧.૦૦ કલાક સુધીમાં કાર્યપાલક ઈજનેરશ્રી અને જાહેર માહિતી અધિકારી સાઉથ વેસ્ટઝોન અઠવા, સુરતની કચેરીએ પત્ર ન.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/ આ.નં.૭૪૭ તા.૨૬–૯–૧૧ થી એક તક આપવા પત્ર પાઠવેલ. જેના અનુસંધાને અરજદારશ્રી તેમના પ્રતિનિધિ તા.૨૮–૯–૧૧ ના રોજ બપોરે ૧૨.૧૫ કલાકે હાજર રહેલ અને પોતાની રજૂઆત કરેલ તથા ઉપલબ્ધ રેકર્ડ બતાવવામાં આવેલ. જેનાથી અરજદારશ્રીને સંતોષ થયેલ છે. અરજદારે તેઓની જરૂરીયાત મુજબની માહિતીની નકલ પાના નંગ–૧૧ ના નકલ દીઠરૂા.૨/– લેખે કુલ રૂા.૨૨/– અઠવાઝોનની કચેરીએ રસીદ નં.૪૭૩૭૫૨ તા.૧–૧૦–૧૧ ના રોજ દસ્તાવેજી ફી ભરપાઈ કરતાં અરજદારને માહિતીની નકલ પૂરી પાડેલ. અરજદારને અત્રેની કચેરીના પત્ર નં.આરટીઆઈ સેલ/૯૧૨ તા.૧૧–૧૦–૧૧ થી મુળ અરજીથી માંગેલ માહિતી, ફી ભર્યાની વિગત સહ જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતી અને તે સામે મુદ્દાવાર નારાજગી સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. તેમ છતાં અરજદાર તરફથી કોઈ માહિતી અત્રે મળેલ નથી. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી મુદ્દા નં.૨ અને ૩ ની માંગેલ માહિતી પૂરી પડાયેલ હોઈ તે અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. જયારે મુદ્દા નં.૧ અંગે અઠવાઝોનના જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૨૫–૮–૧૧ ના રોજ સુડા કચેરીને પત્ર તબદીલ કર્યાનું જણાવેલ છે. જેની સામે સુડા કચેરી ધ્વારા મુળ અરજી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારીને તબદીલ કરેલ. જે પૈકી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તા.૧૬–૮–૧૧ ના રોજ નિર્દિષ્ટ અન્ય નંબરોમાં ગેરકાયદેસર બાંધકામ તથા રીઝર્વેશનમાં બાંધકામ માટે જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને તબદીલ થયાનું જણાય છે. જેથી મુદ્દા નં.૧ ની માહિતી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આપવા પાત્ર થાય તેમ માનવાને કારણ છે. અત્રે એ પણ સૂચક છે કે અરજદારે અપીલ અરજી સમયે માત્ર અઠવાઝોનના જાહેર માહિતી અધિકારીના પત્ર નં.૬૨૪ સામે નારાજગી વ્યકત કરેલ અને મુદ્દા નં.૧ ના જાહેર માહિતી અધિકારીને પક્ષકાર બનાવેલ નથી અને અપીલ તબકકે પૂરક વિગતો રજૂ કરેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૫–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી મનીષ એન ગીલીટવાલા